### નાક કરતા નથણી ભારે

# ૭ લાખની કાર માટે ૨.૦૮ કરોડની નંબર પ્લેટ

**'DDC 0001' એ રચ્યો ઇતિહાસ**



ગુંટુર, તા. 3: ભારતમાં લક્ઝરી નંબર પ્લેટનો ક્રેઝ એક નવા સ્તરે પહોંચ્યો છે. આંધ્રપ્રદેશના ગુંટુરના રહેવાસી કિરણ કોલપકુલાએ પોતાની માત્ર ૭ લાખની કિંમતની મારુતિ ઈગ્નિસ (Maruti Ignis) કાર માટે ૨.૦૮ કરોડની બોલી લગાવીને 'DDC 0001' નંબર પ્લેટ ખરીદી છે. આ સાથે જ આ પ્લેટ ભારતની અત્યાર સુધીની સૌથી મોંઘી રજિસ્ટ્રેશન પ્લેટ બની ગઈ છે. 'બિગ બોય ટોયઝ' (બીબીટી) ઓક્શન એપ દ્વારા આ વ્યવહાર કરવામાં આવ્યો હતો અને હવે દેશમાં અત્યાર સુધીની વેચાયેલી સૌથી મોંઘી નંબર પ્લેટ બની ગઈ છે.

આ વિજેતા બોલી આંધ્ર પ્રદેશના ગુંટુરના રહેવાસી કિરણ કોલપકુલાએ લગાવી હતી. ઉદ્યોગના નિરીક્ષકો નોંધે છે કે, આ વિગત હાઈ-વેલ્યુ કલેક્ટિબલ્સ (કિંમતી સંગ્રહખોરીની વસ્તુઓ)ના બજારમાં નોંધપાત્ર ભૌગોલિક ફેરફાર સૂચવે છે. આવી ખાસ ચીજોની માંગ હવે પરંપરાગત મેટ્રોપોલિટન શહેરોની બહાર ઝડપથી વિસ્તરી રહી હોય તેવું જણાય છે.

આ હરાજી બિગ બોય ટોયઝ માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે, જે મુખ્યત્વે લક્ઝરી પ્રી-ઓન્ડ કાર માટે જાણીતી કંપની છે. કંપની તેના નવા લોન્ચ થયેલા 'ઓક્શન હાઉસ' વર્ટિકલ સાથે સંગઠિત લક્ઝરી હરાજીના ક્ષેત્રમાં પોતાની જગ્યા બનાવી રહી છે. આ પ્લેટફોર્મ પ્રીમિયમ કલેક્ટિબલ્સમાં નિષ્ણાત છે, જેમાં સેલિબ્રિટીની માલિકીના વાહનો, દુર્લભ ઘડિયાળો અને પ્રતિષ્ઠિત વીઆઈપી મોબાઈલ નંબરનો સમાવેશ થાય છે.

કંપનીના સ્થાપક જતિન આહુજા, જેઓ મૂળરૂપે ડીડીસી 0001 પ્લેટના માલિક હતા, તેમણે આ રેકોર્ડ વેચાણને પ્લેટફોર્મના મોડેલના સમર્થન તરીકે ગણાવ્યું હતું. રૂ. 2.08 કરોડમાં ડીડીસી 0001નું વેચાણ એક નિર્ણાયક નવો રેકોર્ડ બની ગયો છે.



■ પ્રસ્તુત તસવીર ચીનના સિચુઆન પ્રાંતમાં આયોજિત ઇન્ટરનેશનલ ડાયનાસોર લેન્ટર્ન ફેસ્ટિવલની (ફાનસ મહોત્સવ) છે જ્યાં પ્રદર્શિત કલાત્મક ફાનસ અને આ કૃતિઓ નિહાળતા પ્રવાસીઓ નજરે પડે છે.



# તેહરાનના વ્યસ્ત બજારમાં ભીષણ આગ

**આખું શહેર ધુમાડાના ગોટેગોટાથી ઘેરાયું**

તેહરાન, તા. 3: પશ્ચિમ તેહરાનના એક વ્યસ્ત બજારમાં મંગળવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે ઈરાનની રાજધાનીમાં ધુમાડાના વિશાળ ગોટેગોટા ઉડ્યા હતા અને મોટા પાયે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, આગનું કારણ હજી અસ્પષ્ટ છે.

સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, જન્નત આબાદ વિસ્તારના એક બજારમાં આગ લાગી હતી, જ્યાં અનેક સ્ટોલ્સ અને નાની દુકાનો છે. અહેવાલ મુજબ, આગ એટલી ભીષણ હતી કે તે શહેરના અનેક ભાગોમાંથી જોઈ શકાતી હતી. તેહરાન ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા જલાલ મલેકીને ટાંકીને સ્ટેટ ટેલિવિઝને જણાવ્યું હતું કે, ''આગ ખૂબ મોટી છે, એટલી હદે કે તે તેહરાનના વિવિધ ભાગોમાંથી દેખાય છે.''

અધિકારીઓના જણાવ્યા અનુસાર, પશ્ચિમ તેહરાનના જન્નત આબાદ શોમાલી વિસ્તારમાં એક શોપિંગ સેન્ટરમાં સવારે 10 વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આ બજાર, જે લગભગ 2,000 ચોરસ મીટરમાં ફેલાયેલું છે, તે સમયે ખુલ્લું હતું અને વિક્રેતાઓ તથા ગ્રાહકોથી ખીચોખીચ ભરેલું હતું.

# પંકજા મુંડેના હેલિકોપ્ટરમાં ટેક્નિકલ ખામી

**ભાજપના નેતા લાતુર જવા રવાના થાય તેના કલાકો પહેલા જ હેલિકોપ્ટરમાં ખામી જોવા મળી**

**મુસાફરીમાં ૨ કલાકનો વિલંબ**

છત્રપતિ સંભાજીનગર, તા. ૩ (PTI): છત્રપતિ સંભાજીનગરમાં જિલ્લા પરિષદની ચૂંટણીના પ્રચાર માટે મહારાષ્ટ્રના મંત્રી પંકજા મુંડેને લઈ જવાનું નિર્ધારિત હતું તેના થોડા કલાકો પહેલા જ હેલિકોપ્ટરમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેમ એરપોર્ટના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

ભાજપના નેતા લાતુર જવા રવાના થાય તેના કલાકો પહેલા સોમવારે મોડી રાત્રે આ ખામી જોવા મળી હતી. તેમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંડે સોમવારે ચાર્ટર્ડ પ્લેન દ્વારા છત્રપતિ સંભાજીનગર પહોંચ્યા હતા અને દિવસ દરમિયાન ચૂંટણી પ્રચાર માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો.

જોકે, જ્યારે એવિએશન કંપનીએ તે રાત્રે નિયમિત તપાસ હાથ ધરી ત્યારે તેમને હેલિકોપ્ટરમાં કેટલીક તક્નિકી સમસ્યાઓ જોવા મળી હતી અને ચીખલથાણા એરપોર્ટના સત્તાવાળાઓને જાણ કરી હતી. હેલિકોપ્ટર મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ ભાજપના નેતાને લાતુર લઈ જવાનું હતું, પરંતુ તેમની મુસાફરીમાં બે કલાકનો વિલંબ થયો હતો. તેમ અધિકારીએ જણાવ્યું હતું.

પત્રકારો સાથે વાત કરતાં મુંડેએ કહ્યું કે, હેલિકોપ્ટર જૂનું હતું, પરંતુ તેમણે આ મુદ્દો ઉઠાવ્યો ન હતો અને મુસાફરી ચાલુ રાખી હતી. મંત્રીએ કહ્યું હતું કે, ૨૮ જાન્યુઆરીએ બારામતીમાં થયેલા વિમાન અકસ્માતમાં એનસીપી (એનસીપી) નેતા અજીત પવારના દુઃખદ મૃત્યુ બાદથી વિમાન પ્રવાસ પક્ષના નેતાઓમાં ચિંતાનું કારણ બન્યો છે.

# મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનનો અંત: વાય ખેમચંદ સિંહ નવા મુખ્યમંત્રી બનશે

**કુકી સમુદાયના મહિલા નેતા નેમચા કિપજેન નવા નાયબ મુખ્યમંત્રી બને એવી શક્યતા**

**મણિપુરમાં ફેબ્રુઆરી, 2025થી રાષ્ટ્રપતિ શાસન અમલમાં હતું**



નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): મંગળવારે વાય ખેમચંદ સિંહને ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે, જેનાથી મણિપુરમાં નવી લોકપ્રિય સરકારની રચનાનો માર્ગ મોકળો થયો છે. તેઓ મણિપુરના આગામી મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ સાથે જ, કુકી સમુદાયના મહિલા નેતા અને પૂર્વ મંત્રી નેમચા કિપજેન નવા નાયબ મુખ્યમંત્રી બને તેવી પ્રબળ શક્યતા છે. મંગળવારે રાત્રે એનડીએના તમામ ઘટક પક્ષોની બેઠક યોજાશે, જેમાં આ બંને નામો પર સત્તાવાર મહોર મારવામાં આવશે.

ભાજપ મુખ્યાલય ખાતે મળેલી આ મહત્વની બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહ, પ્રદેશ અધ્યક્ષ શારદા દેવી અને કેન્દ્રીય નિરીક્ષક તરુણ ચુગ સહિતના દિગ્ગજો હાજર રહ્યા હતા.

રાજ્યમાં 13 ફેબ્રુઆરી, 2025થી રાષ્ટ્રપતિ શાસન અમલમાં હતું, જેની મુદત 12 ફેબ્રુઆરીએ પૂર્ણ થઈ રહી છે. 60 સભ્યોની વિધાનસભામાં ભાજપ પાસે હાલ 37 ધારાસભ્યોનું સંખ્યાબળ છે. મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે મે 2023માં ફાટી નીકળેલી વંશીય હિંસા બાદ બિરેન સિંહની સરકારે રાજીનામું આપતા રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું. આ હિંસામાં 260થી વધુ લોકોનાં મોત થયાં હતાં અને હજારો વિસ્થાપિત થયા હતા.

છેલ્લા કેટલાક મહિનાઓથી ભાજપ હાઈકમાન્ડે બંને સમુદાયના ધારાસભ્યો અને સાથી પક્ષો સાથે અનેક બેઠકો કરી હતી જેથી શાંતિ સ્થાપવાની સાથે સરકારની રચના કરી શકાય.

## પેજ 3

### ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને દિલ્હી હાઈકોર્ટનો આત્મસમર્પણ કરવાનો આદેશ



નવી દિલ્હી, તા. 3: દિલ્હી હાઈકોર્ટે બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવને ચેક બાઉન્સના કેસમાં મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે તેમને 4 ફેબ્રુઆરી 2026ના રોજ સાંજે 4 વાગ્યા સુધીમાં સંબંધિત જેલ અધિકારી સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. પીટીઆઈ અનુસાર, રાજપાલ યાદવે એક કંપની મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી અંદાજે 5 કરોડ રૂપિયા ઉધાર લીધા હતા. કંપનીનું કહેવું છે કે, રાજપાલ યાદવે પૈસા પરત કરવા માટે અનેક ચેક આપ્યા હતા, પરંતુ તે બધા બાઉન્સ થઈ ગયા હતા. કંપનીએ (મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ) રાજપાલ યાદવ પર ચેક બાઉન્સનો કેસ કર્યો હતો. આ ચેક ફિલ્મ પ્રોડક્શન માટે આપવામાં આવ્યા હતા, પરંતુ પૈસા મળ્યા નહોતા.

### 'ધુરંધર: ધ રિવેન્જ': રણવીર સિંહે શેર કર્યું ધમાકેદાર ટીઝર



મુંબઈ, તા. 3 (PTI) : 'ધુરંધર'ની બોક્સ ઓફિસ પર મળેલી જબરદસ્ત સફળતા બાદ રણવીર સિંહે મંગળવારે ફિલ્મનો બીજો ભાગ 'ધુરંધર: ધ રિવેન્જ'નું બહુપ્રતીક્ષિત ટીઝર શેર કર્યું છે, જેમાં જાસૂસ-ગેંગસ્ટર હમઝા અલી મઝારીનું પાત્ર વેર લેવાની શોધમાં 'કિલિંગ મશીન'માં પરિવર્તિત થતું દર્શાવવામાં આવ્યું છે. એક મિનિટથી વધુ લાંબા આ ટીઝરના અંતે સિંહના અવાજમાં કહેવામાં આવે છે કે, ''યે નયા હિન્દુસ્તાન હૈ, ઘર મેં ઘુસેગા ભી ઔર મારેગા ભી'' (આ નવું ભારત છે, માત્ર ઘરમાં ઘૂસીશું જ નહીં, મારીશું પણ). 40 વર્ષીય અભિનેતાએ મંગળવારે મૂવીનું ફર્સ્ટ લુક પોસ્ટર શેર કર્યું હતું જેની ટેગલાઇન હતી ''અબ બિગડને કા વક્ત આ ગયા હૈ.'' આ ટેગલાઇન ફિલ્મના પહેલા ભાગની ઘટનાઓ તરફ સંકેત આપે છે, જેમાં સિંહનું પાત્ર અક્ષય ખન્નાના પાત્ર રહેમાન ડાકુના સાથી તરીકે સત્તા મેળવતું જોવા મળે છે.

# ઓસ્ટ્રેલિયામાં મહાત્મા ગાંધીની પ્રતિમાની ચોરી



**ભારતે ઓસ્ટ્રેલિયાને પ્રતિમાને વહેલી તકે પરત મેળવવા તેમ જ દોષિતોને પકડવા કહ્યું**

નવી દિલ્હી, તા. 3: મેલબોર્નના રોવિલે સ્થિત 'ઓસ્ટ્રેલિયન ઈન્ડિયન કોમ્યુનિટી સેન્ટર' ખાતેથી મહાત્મા ગાંધીની કાંસાની પ્રતિમા ચોરી થવાની ઘટના સામે આવી છે. આ ઘટનાને કારણે સ્થાનિક ભારતીય-ઓસ્ટ્રેલિયન સમુદાયમાં ઘેરો આઘાત અને ચિંતા ફેલાઈ છે, જ્યારે ઓસ્ટ્રેલિયન પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

ભારત સરકારે પણ આ ઘટના પર કડક પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે 3 ફેબ્રુઆરી, 2026ના રોજ કહ્યું હતું કે ભારત આ તોડફોડ અને પ્રતિમા હટાવવાની ઘટનાની સખત નિંદા કરે છે. ભારતે સત્તાવાર રીતે ઓસ્ટ્રેલિયન સત્તાવાળાઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે અને ચોરાયેલી પ્રતિમાને વહેલી તકે પરત મેળવવા તેમજ દોષિતોને પકડવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે. ઉલ્લેખનીય છે કે, આ પ્રતિમા 'ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ' (આઈસીસીઆર) દ્વારા ભેટ આપવામાં આવી હતી, જેનું ઉદ્ઘાટન 12 નવેમ્બર 2021ના રોજ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન સ્કોટ મોરિસન દ્વારા કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણ અજ્ઞાત શખ્સો કિંગ્સલે ક્લોઝ ખાતે આવેલી ચેરિટી સંસ્થાના પરિસરમાંથી આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતી પ્રતિમાની ચોરી કરી ગયા હોવાની આશંકા છે.

# રશિયાએ યુક્રેન પર 450 ડ્રોન અને 70 મિસાઈલો છોડી

**યુક્રેનમાં તાપમાન માઈનસ 20 ડીગ્રી છે ત્યારે રશિયાએ પાવર ગ્રીડને બનાવ્યું નિશાન**

**હુમલામાં રેકોર્ડ 32 બેલેસ્ટિક મિસાઇલો છોડવામાં આવી**



કિવ, તા. 3 (એપી): યુક્રેન પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે રશિયાએ મંગળવારે રાત્રે યુક્રેન પર એક મોટો હુમલો કર્યો છે, જેમાં અંદાજે 450 લાંબા અંતરના ડ્રોન અને 70 વિવિધ પ્રકારની મિસાઈલો છોડવામાં આવી હતી. આ હુમલામાં રેકોર્ડ 32 બેલેસ્ટિક મિસાઈલોનો સમાવેશ થાય છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટે કિવની મુલાકાતે હતા અને અબુ ધાબીમાં શાંતિ વાટાઘાટો શરૂ થવાની તૈયારીમાં છે.

રશિયાએ આ ભીષણ બોમ્બમારો ખાસ કરીને યુક્રેનના વીજળી નેટવર્ક (પાવર ગ્રીડ) પર કર્યો છે. કિવમાં તાપમાન માઈનસ 20 ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે ગયું છે, એવામાં રશિયા નાગરિકોને પ્રકાશ, ગરમી અને પાણીથી વંચિત રાખીને આતંકિત કરી રહ્યું છે. ખાનગી વીજ કંપનીના જણાવ્યા અનુસાર, આ વર્ષનો વીજ નેટવર્ક પરનો આ સૌથી મોટો હુમલો છે. કિવમાં 1,170થી વધુ એપાર્ટમેન્ટ્સમાં હીટિંગ વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે અને રહેણાંક ઈમારતો તથા કિન્ડરગાર્ટનને પણ નુકસાન થયું છે. માર્ક રુટ્ટેએ યુક્રેનની સંસદને સંબોધતા ખાતરી આપી હતી કે નાટો વર્ષો સુધી યુક્રેન સાથે ઉભું રહેશે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા મધ્યસ્થી કરવામાં આવી રહી હોવા છતાં, રશિયાએ હુમલા ચાલુ રાખ્યા છે. ઝેલેન્સ્કીએ સાથી દેશોને વધુ એર ડિફેન્સ પૂરા પાડવા અને રશિયા પર 'મહત્તમ દબાણ' લાવવા વિનંતી sકરી છે.

# બંગાળ-ઝારખંડ કોલસા માફિયા કેસમાં ઈડીએ નવા દરોડા પાડ્યા

**મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં અનેક સ્થળોએ રેઇડ**

કોલકાતા, તા. 3 (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મંગળવારે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં સક્રિય કોલસા માફિયાઓ વિરુદ્ધ ચાલી રહેલી મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં અનેક સ્થળોએ નવા દરોડા પાડ્યા હતા. એમ એજન્સીના અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો સાથે ઈડીની ટીમોએ સવારે 6.30 વાગ્યાથી દિલ્હી, કોલકાતા, આસનસોલ, દુર્ગાપુર અને પશ્ચિમ બર્ધમાન જિલ્લાના અન્ય ભાગોમાં પરિસરોમાં તપાસ હાથ ધરી હતી.તલાશી લેવામાં આવેલા સ્થળોમાં આસનસોલમાં બુદબુદ પોલીસ સ્ટેશનના નવયુક્ત ઓફિસર-ઈન-ચાર્જ (ઓસી) મનોરંજન મંડલનું નિવાસસ્થાન પણ સામેલ હતું.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''આ દરોડા ગેરકાયદે રેતી અને કોલસાના વેપારની ચાલી રહેલી તપાસ સાથે જોડાયેલા છે.'' મંડલ, જેમણે હજી સત્તાવાર રીતે બુદબુદ પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળ્યો નથી, તેમને ગયા વર્ષે બારાબની પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ દરમિયાન ભ્રષ્ટાચારના આરોપોસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને ત્યાર બાદ આસનસોલ પોલીસની સ્પેશિયલ બ્રાન્ચમાં મૂકવામાં આવ્યા હતા. તેમની તાજેતરમાં ઓસી તરીકેની પુનઃનિયુક્તિ હવે ઈડીની કાર્યવાહી બાદ તપાસના દાયરામાં આવી છે.એજન્સીએ આ પ્રદેશના અનેક રેતી અને કોલસાના વેપારીઓના ઘરો અને ઓફિસોની પણ તપાસ કરી હતી. દુર્ગાપુરના સેપકો વિસ્તારમાં ઈડીએ 'કેકે મિનરલ્સ'ના માલિક રેતી વેપારી પ્રબીર દત્તાના નિવાસસ્થાને અને સાથે જ તેમના ભાઈ અમિત દત્તાના ઘરે દરોડા પાડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પેઢી બાંકુરા, પશ્ચિમ અને પૂર્વ બર્ધમાન જિલ્લાઓમાં રેતીની ખાણો ચલાવે છે અને પાનાગઢમાં તેની ઓફિસો છે. પાનાગઢમાં રેતી વેપારી શેખ હસીમ મિર્ઝા બેગ, અંદુલના ભક્તનગર વિસ્તારમાં શેખ કિરણ મંડલ અને પાંડબેશ્વરમાં કોલસા વેપારી શેખ માઈઝુલ સહિત અન્ય લોકોના નિવાસસ્થાને પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે, કોલકાતા અને દિલ્હીમાં પણ અનેક સ્થળોએ દરોડા ચાલુ હતા.

# કેનેડામાં એક ઘરની બહાર ગોળીબાર કરવા બદલ 3 ભારતીયોની ધરપકડ

**ત્રણેય યુવકો સામે ક્રિમિનલ કોડ હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે**

ઓટાવા, તા. 3 (PTI): કેનેડાની પોલીસ દ્વારા એન્ટિ-એક્સટોર્શન (ખંડણી વિરોધી) પેટ્રોલિંગ દરમિયાન ત્રણ ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે અને એક ઘર પર ગોળીબાર કરવાના મામલે તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

સરે પોલીસ સર્વિસ (એસપીએસ) એ સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 21 વર્ષીય હરજોત સિંહ, 19 વર્ષીય તરનવીર સિંહ અને 21 વર્ષીય દયાજીત સિંહ બિલિંગ પર હથિયારમાંથી ગોળીબાર કરવાનો એક-એક ગુનો નોંધવામાં આવ્યો છે અને તે તમામને ગુરુવાર સુધી કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

લેકલેન્ડ ટુડેના અહેવાલ મુજબ, સરેના ક્રેસન્ટ બીચ વિસ્તારમાં એક ઘરની બહાર વહેલી સવારે ગોળીબાર અને નાની આગના અહેવાલ મળ્યા બાદ પેટ્રોલિંગ અધિકારીઓએ શંકાસ્પદોની ધરપકડ કરી હતી.

1 ફેબ્રુઆરી, 2026ના રોજ એસપીએસના સભ્યો સરેના ક્રેસન્ટ બીચ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે ક્રેસન્ટ રોડ અને 132 સ્ટ્રીટ પાસેના એક ઘરની બહાર ગોળીબાર અને નાની આગ લાગ્યાના અહેવાલો મળ્યા હતા. નિવેદનમાં જણાવાયું છે કે, ઘટનાના થોડા સમય બાદ એસપીએસ અધિકારીઓએ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી.

એસપીએસના મેજર ક્રાઈમ સેક્શને તપાસ હાથ ધરી છે અને ત્રણેય યુવકો સામે હવે ક્રિમિનલ કોડ હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે. ત્રણેય પર ક્રિમિનલ કોડની કલમ 244.2(1)(એ) વિરુદ્ધ કોઈ સ્થળ પર હથિયારમાંથી ગોળીબાર કરવાનો એક-એક ગુનો નોંધવામાં આવ્યો છે.